GJSK020156262021

**ફોજદારી કેસ નં.૧૪૫૩૩/૨૦૨૧**

## <u>આંક–૧ નીચે હુકમ</u>

આજરોજ ફરીયાદીનો પોકાર કરાવતા ફરીયાદી હાજર નથી કે તેઓ તરફે કોઈ રીપોર્ટ રજુ થયેલ નથી. વધુમાં, સદર કેસનુ રેકર્ડ ચકાસતા સદર કેસ છેલ્લી ઘણી મુદતોથી ફરીયાદ પક્ષ તરફે ચાર્જના પુરાવા ઉપર ચાલે છે. વધુમાં, સદરહુ કામનુ રેકર્ડ ચકાસતા સદરહુ કામે અગાઉ આંક–૭ થી આ કામના ફરીયાદીને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે જે તેઓને બજેલ હોય, ત્યારબાદ સદરહુ કામ આંક–૨૭, આંક–૨૮, આંક–૨૯ થી ફરીયાદ પક્ષ તરફે મુદત રીપોર્ટો રજુ કરેલા હતા જે ન્યાયના હિતમાં સદરહુ કોર્ટે મંજુર કરેલા હતા. પરંતુ ત્યારબાદ સદરહુ કામે ફરીયાદી સતત ગેરહાજર રહેલ છે તેમજ ફરીયાદ પક્ષ તરફે કોઈ મુદત અરજીઓ પણ રજુ થયેલ નથી.

આમ, ઉપરોકત રેકર્ડ ઉપરની હકીકતો તેમજ સંજોગો ધ્યાને લેતા સદર કામે ફરીયાદીની સતત ગેરહાજરી રેકર્ડ ઉપર આવેલ હોય ત્યારે, સદરહુ કામ ફરીયાદીને ચલાવવામાં કોઈ રસ હોય તેવુ જણાઈ આવતુ ન હોય જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>// હુકમ //</u>**

સદરહુ કામે ફરીયાદી પક્ષના ચાર્જ અંગેના પુરાવાના અભાવે હાલના કામના આરોપીઓને ક્રિમી.પ્રોસીઝર કોડની કલમ–૨૪૫ અન્વયે બીનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૬ઠ્ઠી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો
મુ.હિંમતનગર

**( એ.બી.મામતોરા )**
બીજા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હિંમતનગર
જજ કોડ–જીજે૦૧૦૫૯